**આંક–૧૩**

# <u>શ્રી ડી.પી.પુંજાણી, કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર, મજુર અદાલત નં–૧ ભરૂચ સમક્ષ</u>

**વ.કો.ડીસ્ટ્રીબ્યુશન નં–૧૮/૨૦૨૬**

**<u>અરજદાર</u>** : આલ્કેમી ફાઈનકેમ પ્રા. લી.,
૩૦૧, સાયખા જી.આઈ.ડી.સી.,
જુનેદ ગામ, તા. વાગરા, જી. ભરૂચ.

**–:– <u>વિરૂધ્ધ</u> –:–**

**<u>સામાવાળા</u>** : ગુજરનાર દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ રણાના આશ્રિતો
(૧) રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણા (ગુજ.ના પિતા)
(૨) કુમુદબેન રાજેન્દ્રસિંહ રણા (ગુજરનારના માતા)
(૩) દર્શનાબેન દિગવીજયસિંહ રણા(ગુજ.ની પત્ની)
(૪) રાજવી દિગ્વિજયસિંહ રણા (ગુજરનારની પુત્રી)
**<u>તમામ રહે</u>:** ૯૦, લુહાર ફળીયું, અમલેશ્વર,
વીટીસી ભાડભૂત, મકતમપુર,
અમલેશ્વર, તા. જી. ભરૂચ.

**<u>હાજર રહ્યા</u>** : અરજદાર તરફે વકીલશ્રી ડી. જે. જોષી.
સામાવાળા તરફે પ્રતિનિધિશ્રી ડી.એસ. જોગ.

## –:– <u>હુકમ</u> –:–

(૧) હાલના કામે અરજદાર આલ્કેમી ફાઈનકેમ પ્રા. લી., તરફથી ગુજરનાર દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ રણાના અકસ્માત વળતરની રકમ અરજદાર સંસ્થાના વકીલશ્રીના આંક–૨ ના વકીલાતનામા તથા આંક–૩ ના જરૂરી દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા આંક–૪ ના અરજદાર સંસ્થાનું "ના વાંધા" પ્રમાણપત્ર તથા આંક–૫ ની સરનામા પુરસીસ સહિત રૂ.૧૫,૪૪,૬૨૫/–, ચલણ નં–૭૬/૨૫–૨૬ થી પી.ડી.પી.એલ.એ. માં અત્રેની કચેરીમાં ચેકથી જમા કરાવેલ છે. જે ચલણને આંક–૬ આપવામાં આવેલ છે.

ત્યારબાદ અત્રેથી તા.૦૫–૦૩–૨૬ ના રોજ સદર વ.કો.ફે.ડી. નં–૧૮/૨૬ ના કેસમાં જમા રકમ રૂ.૧૫,૪૪,૬૨૫ /– ની એફ.ડી. એક વર્ષ માટે ઈન્ડિયન બેંક, ભરૂચમાં કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ અત્રેથી આંક–૭ થી તા.૨૭–૦૨–૨૬ ના રોજ સદર કામના પક્ષકારોને સ્પીડ પોષ્ટથી નોટીસ કરવામાં આવેલ.

(૩) સદર કામના સામાવાળાઓને નોટીસની બજવણી થતાં તેઓ તરફેના પ્રતિનિધિશ્રીએ હાજર રહી આંક–૮ થી તેમનું અધિકારપત્ર રજુ કરી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મમાં જરૂરી વિગત ભરી અત્રે પરત કરવામાં આવેલ છે. જે આંક–૯ થી રજુ છે. સદર કામના સામાવાળા તરફે આંક–૧૦ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧) | માર્ક–૧૦/૧ | પેઢીનામું. |
| ૨) | માર્ક–૧૦/૨ | રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૩) | માર્ક–૧૦/૩ | કુમુદબેન રાજેન્દ્રસિંહ રણાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૪) | માર્ક–૧૦/૪ | દર્શનાબેન દિગ્વિજયસિંહ રણાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૫) | માર્ક–૧૦/૫ | રાજવી દિગ્વિજયસિંહ રણાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૬) | માર્ક–૧૦/૬ | ગુજરનાર દિગ્વિજયસિંહ રણાનો મરણનો દાખલો. |
| ૭) | માર્ક–૧૦/૭ | વારસદારોના ફોટોગ્રાફ. |
| ૮) | માર્ક–૧૦/૮ | નામ. કોર્ટની નોટીસ. |
| ૯) | આંક–૧૧ | ગુજરનારના પિતા રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણાની એફીડેવીટ ઉપર સરતપાસ. |
| ૧૦) | આંક–૧૨ | ગુજરનારના પત્ની દર્શનાબેન દિગ્વિજયસિંહ રણાની એફીડેવીટ ઉપર સરતપાસ. |

(૪) આ કામે ગુજરનારના પિતા રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણાએ આંક–૧૧ થી એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરી જણાવેલ છે કે, "ગુજરનાર સ્વ. દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ રણા આલ્કેમી ફાઈનકેમ પ્રા. લી., સાયખા જી.આઈ.ડી.સી., તા. વાગરા, જી. ભરૂચ મુકામે કામ કરતાં કામના ભાગરૂપે તા.૨૬–૦૧–૨૬ ના

રોજ મરણ પામેલ હોવાથી અકસ્માત વળતરની રકમ રૂ.૧૫,૪૪,૬૨૫/- (અંકે રૂપીયા પંદર હજાર ચુમ્માલીસ હજાર છસો પચ્ચીસ પુરા) નામ. કોર્ટ સમક્ષ જમા કરાવેલ છે. ગુજરનારના વારસદારોમાં રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણા, પિતા, ઉ.વ.૬૧ તથા કુમુદબેન રાજેન્દ્રસિંહ રણા, માતા, ઉ.વ.૫૪ તથા દર્શનાબેન દિગ્વિજયસિંહ રણા, પત્ની, ઉ.વ.૨૮ તથા રાજવી દિગ્વિજયસિંહ રણા, પુત્રી, ઉ.વ.૩ નો સમાવેશ થાય છે. આ સિવાય અનય કોઈ વારસદાર/ આશ્રિત નથી. ગુજરનારના કોઈ ભાઈ કે બહેન નથી. જે અંગેનું પેઢીનામું નામ. કોર્ટમાં રજુ કરેલ છે. તેઓએ સદરહું કેસ સિવાય અન્ય કોઈ કોર્ટ, કચેરીમાં ઓથોરીટી સમક્ષ વળતરની અરજી કરેલ નથી જે જાહેર કરે છે. તેઓ ગુજરનારના કાયદેસરના અને સીધી લીટીના વારસદારો છે. જેથી નામ. કોર્ટમાં જમા થયેલ રકમ રૂ.૧૫,૪૪,૬૨૫/- તેઓને વહેંચણી કરી આપવા માટે યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. નામ. કોર્ટમાં જમા થયેલ રકમ તેઓને કબુલ મંજુર હોવાનું એફીડેવીટ થકી જાહેર કરેલ છે. એફીડેવીટમાં જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી છે."

વધુમાં, ગુજરનારના પત્ની Dipikaben Mayurbhai Patelએ તેમની આંક-૧૦ ની એફીડેવીટમાં જે હકીકતો જણાવેલ છે તે જ હકીકતોનું ગુજરનારના પિતાએ આંક-૧૧ તથા માતાએ આંક-૧૨ ની એફીડેવીટમાં પુનરાવર્તન કરેલ હોવાથી તેનો ફરીથી ઉલ્લેખ કરેલ નથી.

(૫) સમગ્ર કેસની હકીકત તથા રજુ થયેલા પુરાવા તથા ગુજરનારના પિતા તથા પત્નીની આંક-૧૧ તથા આંક-૧૨ થી રજુ એફીડેવીટ ઉપર સરતપાસ ધ્યાને લેતાં ગુજરનારના કાયદેસરના આશ્રિતોમાં ગુજરનારના પિતા તથા માતા તથા પત્ની તથા એક સગીર પુત્રી મળી કુલ ચાર કાયદેસરના આશ્રિતો હોવાની હકીકત પુરાવા આધારે પુરવાર થાય છે. આ સિવાય અન્ય કોઇ આશ્રિત હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં તમામ હકીકતો ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો વહેંચણીનો

આખરી હુકમ કરવામાં આવે છે.

## –:– <u>આખરી હુકમ</u> –:–

| અ. નં. | આશ્રિતોનું નામ | ફાળવેલ રકમ રૂ. | એકા.પેઇ ચેકથી આપવાની રકમ રૂ. | એફ.ડી.માં રોકવાની રકમ રૂ. | મુદત/ વર્ષ/ માસ |
|---|---|---|---|---|---|
| ૧ | રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણા તે ગુજરનારના પિતા, ઉ.વ.૬૧ | **૩,૮૬,૧૫૬** | **૫૬,૧૫૬** | **૩,૩૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૨ | કુમુદબેન રાજેન્દ્રસિંહ રણા તે ગુજરનારના માતા, ઉ.વ.૫૪ | **૩,૮૬,૧૫૬** | **૫૬,૧૫૬** | **૩,૩૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૩ | દર્શનાબેન દિગવીજયસિંહ રણા તે ગુજ. ના પત્ની,ઉ.વ. ૨૮ | **૩,૮૬,૧૫૭** | **૫૬,૧૫૭** | **૩,૩૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૪ | રાજવી દિગ્વિજયસિંહ રણા તે ગુજ. ની સગીર પુત્રી, ઉ.વ. ૦૩ | **૩,૮૬,૧૫૬** | **૫૬,૧૫૬** | **૩,૩૦,૦૦૦** | પુખ્ત થતાં સુધી |
| | | **૧૫,૪૪,૬૨૫** | **૨,૨૪,૬૨૫** | **૧૩,૨૦,૦૦૦** | |

(૧) આશ્રિતોને એ.સી. પેઇના ચેકથી ચુકવવાની થતી રકમ યોગ્ય ઓળખાણ અને ધોરણસરની પહોંચ લઇ ચુકવવી.

(૨) એફ.ડી. માં રોકવાની થતી રકમ રાષ્ટ્રિયકૃત બેંકમાં સામાવાળા આશ્રિત તથા કમિશ્નરના સંયુક્ત નામે રોકવી. બેંકે એફ.ડી. ની અસલ રસીદ આશ્રિતોને સોંપવી તથા તેની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીમાં રજુ કરવી.

(૩) એફ.ડી. માં રોકેલ રકમ ઉપર બેંકે કોઈ લોન કે ધિરાણ કોર્ટના હુકમ વગર કરવું નહિં તેવો હુકમ કરવામાં આવે છે અને તે બાબતની યાદી બેંકને પાઠવવી.

(૪) હાલના હુકમ મુજબ કરવામાં આવેલ એફ.ડી. નું મળવાપાત્ર થતું ત્રિમાસીક વ્યાજ બેંકે સામાવાળા આશ્રિતોને બારોબાર ચુકવી આપવાનું રહેશે.

(૫) આશ્રિત નં–૪ કે જેઓ સગીર હોઈ જેથી તેઓને ચુકવવાની થતી વ્યાજની રકમ તેમના માતા આશ્રિત નં–૩ ને ચુકવવી.

(૬) સદર કામે અકસ્માત વળતરની રકમ રૂ.૧૫,૪૪,૬૨૫/– ની નામ. કોર્ટ દ્બારા એફ.ડી. કરવામાં આવેલ છે તે એફ.ડી. ઉપર જમા થયેલ વ્યાજની રકમ આ કામના આશ્રિત નં–૧, આશ્રિત નં–૨ તથા આશ્રિત નં–૩ ને સરખા હિસ્સે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) એફ.ડી. ની મુદત પુરી થયે જો પક્ષકાર નાણા ઉપાડવા ન આવે તો એફ.ડી. વધુ એક વર્ષ માટે ઓટો રીન્યુ કરવી અને નિયમોનુસાર વ્યાજનું ચુકવણું કરવું.

(૮) હુકમ આજરોજ તા.૨૩–૦૪–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ: ૨૩/૦૪/૨૦૨૬**
**સ્થળ: ભરૂચ**

**(દેવેશ પ્રધ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર